# ગુડાના મકાનની ફાળવણી બાદ નાણાં નહીં ચુકવનાર ૪૨ લાભાર્થીઓના આવાસનો કબજો રદ કરાશે

**૩૦૦ જેટલા લાભાર્થીઓને ગુડા દ્વારા નાણાંની ચુકવણી કરવા માટે પણ નોટીસ આપવામાં આવી : લાભાર્થીઓની મુંઝવણ વધી : કબજો રદ કરવાના કિસ્સામાં નાણાં ચુકવવાની તૈયારી સાથે લાભાર્થીઓ ગુડાને રજુઆત કરશે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા છેલ્લા એક દાયકામાં શહેરની આસપાસના વિવિધ વિસ્તારમાં પ્રાઈમ લોકેશન પર એમ આઈ જી અને એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. હાલ પણ નવા આવાસો બાંધવાની યોજના હાથ ધરવામાં આવી છે. જયારે આ મામલે અડાલજ અને કુડાસણ સહીતના વિસ્તારમાં એમ આઈ જી અને એલ આઈ જી આવાસના લાભાર્થીઓને આવાસની ફાળવણી કરી દેવાયા બાદ પણ નાણાં નહીં ચુકવવામાં આવ્યા હોવાના કિસ્સાઓ વધુ છે. જેને અનુલક્ષી લાંબા સમયના અંતે હવે ગુડાએ આવા કિસ્સામાં ૪૨ જેટલા લાભાર્થીઓને આવાસનો કબજો રદ કરવાની નોટીસ આપવામાં આવી છે. આ ઉપરાંત અન્ય ૩૦૦ કીસ્સામાં લાભાર્થીઓને નાણાંની ચુકવણી કરી દેવા માટે પણ નોટીસ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એક દાયકા પુર્વે ગુડા વિસ્તારમાં નવા આવાસો ફાળવવામાં આવ્યા હતા જેમાં પ્રથમ તબક્કામાં ચિલોડા, રાયસણ અને અડાલજમાં ૧૧૦૦ થી વધુ નવા એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ જયારે તબક્કાવાર ગુડા કક્ષાએથી રાયસણ ઉપરાંત સરગાસણ અને કુડાસણ વિસ્તારમાં પણ ઈકોનોમિક વિકર સેકશનને ધ્યાનમાં રાખી આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જયારે મધ્યમવર્ગના પરિવારોને પણ અનુલક્ષીને વિવિધ વિકસિત વિસ્તારમાં પ્રાઈમ લોકેશન પર એમ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા છે. આ આવાસોમાં હાલ લાભાર્થીઓ તેમજ તેમના પરિવારોનો વસવાટ

| ટી પી વિસ્તાર | નાણાંની ચુકવણી નોટીસ | કબજો રદ કરવા નોટીસ |
|---|---|---|
| પેથાપુર | ૧૩ | - |
| અડાલજ | ૧૯ | ૧૦ |
| કુડાસણ | ૯ | ૭ |
| કુડાસણ એમ.આઈ.જી. | ૧૩ | ૬ |
| કુડાસણ ઈ.ડબલ્યુ.એસ | ૫૦ | - |
| સરગાસણ | - | ૦૨ |
| વાવોલ | ૧૬૪ | ૦૭ |
| ચિલોડા | ૦૬ | ૦૧ |
| રાયસણ | ૨૫ | ૦૭ |
| અડાલજ | ૦૭ | ૦૨ |

પણ જોવા મળે છે. જયારે આ ઉપરાંત પેથાપુર અને વાવોલ સહીતના વિસ્તારમાં નવા મકાનો બાંધવાની કામગીરી ચાલી રહી છે. બીજીતરફ હાલ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની હાલત આર્થિક રીતે ભીંસમાં છે. મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશનમાં ભળી જતા ગુડા માટે આવકના નવા સ્ત્રોત ઉભા કરવાની ફરજ પડી છે. ગુડા દ્વારા કપાતની જમીનમાંથી ઉપલબ્ધ થયેલા પ્લોટસનુ પણ હરાજીના માધ્યમથી વેચાણ કરવામાં આવે છે. જેના આધારે નવી આવક ઉભી કરીને વિકાસના તેમજ માળખાગત સુવિધાના કામોને વેગ આપવા આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં ગુડા દ્વારા જે આવાસોમાં ભાડુઆતોનો કબજો હોય તેવા કિસ્સામાં પણ લાભાર્થીઓ પાસેથી રૂ ૨૫ હજાર સુધીનો તગડો દંડ વસુલવાનો નિર્ણય લેવાયો હતો જેને અનુલક્ષીને પણ લાભાર્થીઓને બે થી ત્રણ વાર નોટીસ આપ્યા બાદ દંડ વસુલી પણ કરવામાં આવે છે. જો કે આ મામલે લાભાર્થીઓમાં પણ આક્રોશ પ્રવર્તાયો છે. આ ઉપરાંત ગુડા કક્ષાએથી ડ્રો ના અંતે આવાસની ફાળવણી બાદ લાભાર્થીઓએ નાંણાની ચુકવણી ન કરી હોય તેવા કિસ્સામાં નોટીસ

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં હરિયાળી નિખરે તે માટે વિવિધ સેકટરોમાં વૃક્ષારોપણ કરવામાં આવે છે. વરસાદી દિવસોમા નવ રોપાઓની વાવણી તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે જે અન્વયે વોર્ડ નં - ૭ માં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ આ તબક્કે શહેરને હરિયાળુ અને તાજગીસભર રાખવા માટે પર્યાવરણનુ જતન અને સંરક્ષણ કરવા માટે પણ અપીલ કરવામાં આવી હતી. **(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)**

# દહેગામમાં આઈ.ટી.આઈ.ના નવા બિલ્ડીંગ બાંધવામાં આવશે

**સ્કીલ ઈન્ડિયા અન્વયે રોજગારલક્ષી શિક્ષણ પ્રવૃત્તિને વેગ આપવા સરકાર વિદ્યાર્થીઓને વધુ સુવિધા પૂરી પાડશે નવા બિલ્ડીંગ પાછળ અંદાજિત ૯ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૭

સ્કિલ ઈન્ડિયા અન્વયે સરકાર રોજગારલક્ષી યોજનાઓને વેગ આપવા પ્રયત્નશીલ છે સમગ્ર રાજ્યમાં આઈટીઆઈના નવીનીકરણ કરવાની યોજના સંદર્ભે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે જે અન્વયે ગાંધીનગર જિલ્લાના દહેગામમાં પણ આઈટીઆઈના નવા બિલ્ડીંગને તૈયાર કરવા નાણા ની ફાળવણી કરવામાં આવી છે ટૂંકમાં અદ્યતન બિલ્ડીંગ બાંધવાનું કામ પણ હાથ ધરાશે આ કામગીરી અન્વયે કલાસરૂમ, વર્કશોપ, ટ્રેડશોપ, લાયબ્રેરી, સ્ટાફરૂમના બાંધકામના ઉપરાંત ફાયર સેફટી ઉપરાંત આંતરિક રસ્તા સહિતની કામ હાથ ધરાશે જેના લીધે આગામી દિવસોમાં વિદ્યાર્થીઓને જરૂરી સુવિધા પણ ઉપલબ્ધ થશે

દહેગામમાં આઈટીઆઈ કાર્યરત છે. પરંતુ સિવિલની જર્જરીત જૂની જગ્યા ફાળવવામાં આવી છે. જ્યારે આ બિલ્ડીંગ ની નજીકમાં જ ખાલી પડેલી જગ્યામાં નવું સુવિધાયુક્ત બિલ્ડીંગ તૈયાર કરવા માટે રૂપિયા ૯ કરોડની રકમની ફાળવણી કરવામાં આવી છે જ્યારે હવે વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર આગામી એકાદ મહિનામાં કામ હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણીના મીટર લગાડવાની યોજનાનું ગાડું ઘોંચમાં પડ્યું કે શું?

**એજન્સીની ઢીલી કામગીરીને પગલે સપ્ટેમ્બર સુધીમાં મીટર લગાડવાનો ટાર્ગેટ પૂર્ણ થવા અંગે શંકા**

ગાંધીનગર, તા. ૦૭

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં ૨૪ કલાક પાણીની સુવિધા શરૂ કરવામાં આવનાર છે. આ અંતર્ગત આવનારા સપ્ટેમ્બરમાં સુધીમાં શહેરના વિવિધ સેક્ટરોમાં પાણીના મીટર લગાડી દેવાની અત્યારે યોજના વિલંબમાં પડી જવા પામી છે. આમ તો આ કામગીરી જુન મહિનાથી પ્રાઈવેટ એજન્સીને સોંપાવામાં આવી હતી પરંતુ એજન્સીની ઢીલી કામગીરી જોવા મળી રહી છે ખાસ કરીને મીટર વાંચન અને બિલ જનરેશન સુધી તમામ કામગીરી સંભાળવામાં આ પ્રાઈવેટ એજન્સીઓનો રસ જોવા મળતો નથી.

આપણે ઉલ્લેખ છે કે શહેરમાં પાણીના મીટર નાખવાની કામગીરી પાછળ અંદાજે રૂપિયા ૧.૫૮ કરોડથી વધુનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જોકે નિયમ અનુસાર નિયત કરાયેલા ખર્ચ અંદાજ સામે ઓછા ભાવની ઓફર આપનારી એજન્સીને કામગીરી સોંપવામાં આવી શકે છે.

આ સાથે અત્રે એ નોંધ પણ લેવી ઘટે કે નોંધવું ગત વર્ષે જ ગુડા હસ્તક જે પાણી વિતરણ છે તેમાં વસુલવામાં આવતા પાણીના ભાવમાં ઘટાડો કરાયો હતો. બીજી તરફ ગુડા દ્વારા વિવિધ પ્રકારે તેની આવક વધારાવા માટે પણ પ્રયાસો શરુ કરાયા છે આ કારણે મહાનગર પાલિકા પહેલા જ ગુડા દ્વારા મીટર નેટવર્ક ગોઠવીને ખર્ચ સામે યોગ્ય આવક ઉભી કરી દેવાનું ગોઠવાઈ રહ્યું છે. બધી પ્રક્રિયા સમયસર પુરી થશે તો ઓકટોબર મહિનામાં મીટર લગાડવાની કામગીરીનો પ્રારંભ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં મચ્છરો માટે ફેવરેબલ વાતાવરણ ઉત્પત્તિ સ્થાનો વધ્યા

**જન આરોગ્ય પ્રભાવિત : સેકટરોમાં વરસાદી વાતાવરણમાં દુવિધાઓ વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો રોગચાળાને ડામવા દવાછંટકાવ અને પોરાનાશક કામગીરી અનિવાર્ય**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં ઠેર ઠેર દુવિધાઓનો ઢગ મંડરાયેલો જોવા મળે છે. સ્થાનિકો વરસાદી સમસ્યાથી પ્રભાવિત છે. ત્યારે રખડતા ઢોર વચ્ચે ગંદકીની સમસ્યા જટીલ બનતી જાય છે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં વરસાદી પાણીના ભરાવાના અંતે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. જેના લીધે મચ્છરજન્ય રોગચાળાએ પણ માથુ ઉંચક્યુ છે. મચ્છરો માટે વાતાવરણ ફેવરેબલ બનતા સેકટરોમાં દવા છંટકાવ અને પોરાનાશક કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસો દરમિયાન દુવિધાઓ મંડરાયેલી જોવા મળે છે. સેકટરોમાં શેરી સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે રહેણાંક વિસ્તાર સહીત કોર્મશિયલ ઝોનમાં પણ વેપારીઓ સફાઈના મામલે ઉદાસીનતા સેવી રહ્યા હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી પાણીનો નિકાલ ન થતા મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધ્યા છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓ માથે રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે. બીજીતરફ જેમ કોર્મશિયલ વિસ્તારની જેમ રહેણાંકની સોસાયટીમાં પણ ફેન્સીંગના દબાણો વધતા પાર્કીંગની સમસ્યાએ આંખ કાઢવાનુ શરૂ કર્યુ છે. તેમ ગંદકીની સમસ્યા હવે કોર્મશિયલ એરિયામાં પણ વધી છે. સફાઈના અભાવે સે- ૭ અને સે- ૨૧ શોપિંગ વિસ્તારમાં પણ ઘણીવાર ગંદકીના ઢગ જોવા મળે છે. જયારે રખડતા ઢોર સાથે ગંદકીથી મુલાકાતીઓ ત્રસ્ત બન્યા છે. શોપિંગ વિસ્તારમાં ગંદકી વધતી જાય છે. આ સ્થિતિમાં મચ્છરોનો ઉપદ્રવ શહેરમાં વધતો જાય છે. આ સ્થિતિ વચ્ચે વાઈરલ ફીવરના દર્દીઓ પણ વધ્યા છે. બદલાતા મોસમની અસરથી જન આરોગ્ય પ્રભાવિત છે આવા સંજોગોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ડેન્ગયુ અને મેલેરીયાના દર્દીઓ પણ વધી રહ્યા છે વરસાદી મોસમે જમાવટ કર્યા બાદ પણ રોજબરોજ વાદળિયો માહોલ જોવા મળે છે જયારે આ વાતાવરણ મચ્છરો માટે ફેવરેબલ છે ત્યારે શહેરના રહેણાંક વિસ્તાર અને કોર્મશિયલ ઝોનમાં ગંદકીનુ સામ્રાજય જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

**સાડા ચાર દાયકાના અંતે**

# ગાંધીનગરમાં વિવિધ કક્ષાના ૧૧૨૩૭ પૈકી ૫૫૩૭ આવાસો જોખમી હાલતમાં

**ગ, ઘ અને ચ કક્ષા સહીતના વિવિધ કેટેગરીના મકનો પૈકી છ કક્ષાના સૌથી વધુ ૧૭૩૪ અને જ કક્ષાના ૧૩૧૫ આવાસો જોખમી : જુના અને જોખમી મકાનોનો કડુસલો કરી નવી ટાવર કોલોની બાંધવા માટે પણ આયોજન કરવામાં આવે છે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરમાં સાડા ચાર થી પાંચ દાયકા જુના સરકારી આવાસો પૈકી ઘણાંખરા જોખમી હાલતમાં છે. અગાઉ આ મામલે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જે મુજબ ૧૧૨૬૨ સરકારી આવાસો પૈકી ૫૫૩૭ મકાનો ભયજનક સ્થિતિમાં છે જયારે આ જોખમી મકાનાનો કડુસલો કરીને તબક્કાવાર જગ્યા ખુલ્લી થાય તેમ નવા આવાસો બાંધવાનુ પણ આયોજન કરવામાં આવે છે. શહેરમાં જોખમી આવાસો પૈકી સૌથી વધુ છ કક્ષાના ૧૭૩૪ અને જ કક્ષામાં ૧૩૧૫ આવાસો ભયજનક સ્થિતિમાં છે. જયારે જ- ૧ અને જ-૨ કેટેગરીમાં પણ જોખમી મકાનોની સંખ્યા વિશેષ છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં પાંચ દાયકા જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી શહેરના વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસો છે. જયારે ૧૧૨૬૨ સરકારી આવાસો પૈકીના ૫૫૩૭ મકાનો જોખમી હાલતમાં છે. અલબત્ત રહેણાંકને લાયક ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે અગાઉ તંત્ર દ્વારા આ આવાસોને ભયજનક જાહેર કરવામાં આવ્યા છે. સેકટરોમાં જુના અને જોખમી મકાનો તોડવાની સાથે અત્યાર સુધી ૧૯૬૦ નવા મકાનોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. કોર્પોરેટ લુક ધરાવતી ટાવર કોલોનીમાં હાલ કર્મચારીઓનો વસવાટ પણ છે. જો કે હાલની સ્થિતિએ પણ સરકારી આવાસની ઘટ છે. જેના લીધે તંત્રની પ્રતિક્ષા યાદી પણ મોટી છે. જેને ધ્યાનમાં રાખી નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન જ ગાંધીનગર અને અમદાવાદમાં રૂ ૪૦૦ કરોડના ખર્ચે ૧૭૩૮ વિવિધ કક્ષાના આવાસો બાંધવાના આયોજન સંદર્ભે પણ જાહેરાત કરવામાં આવી હતી પરંતુ આ દિશામાં હજુ મંદ કામગીરી ચાલી રહી હોવાના લીધે શહેરમાં કર્મચારીઓને આવાસ ફાળવવાની કામગીરી મુશ્કેલ બની છે. શહેરની સ્થાપના બાદ અધિકારીઓ અને મહાનુભાવોને ધ્યાનમાં રાખી ક થી જ કક્ષાના વિવિધ કેટેગરીના આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જેમાં જ કક્ષામાં એક બેડરૂમ હોલ કીચન સહીતની સુવિધા હોય છે.

જયારે આગળની કક્ષામાં રૂમ વધારાની સાથે સુવિધાઓ પણ અપગ્રેડ થાય છે. અલબત્ત ચ અને ગ, ઘ સહીતની કક્ષાઓ અન્વયે આવાસ વધુ સુવિધાયુકત જોવા મળે છે. જો કે હવે દાયકાઓના અંતે આવાસોની હાલત ખંડેર બની છે. કંગાળ આવાસોને અનુલક્ષીને હાથ ધરાયેલા સર્વેના અંતે કેટલાક મકાનો રીનોવેશન હેઠળ પણ આવરી લેવાયા છે. જયારે અન્ય આવાસો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવે છે.

જયારે હાલની સ્થિતિએ ૧૧૨૭૪ પૈકી ૫૫૩૭ આવાસો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. શહેરમાં જુના આવાસો પૈકી કક્ષાના ૧૩ , ખ કક્ષાના ૩૫ જયારે ગ કેટેગરીના ૧૨૩ આવાસોમાં એકપણ જોખમી ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પરંતુ ગ - ૧ કક્ષાના ૨૨૯ પૈકી ૧૮ , ઘ- કક્ષાના ૬૦૨ માંથી ૧૯૮ જયારે ઘ-૧ કક્ષાના ૧૫૮ માં થી ૧૨ આ ઉપરાંત ચ કેટેગરીના ૧૯૩૦ પૈકી ૭૬૮ તેમજ ચ -૧ કેટેગરીના ૫૪૪ પૈકી ૨૭૬ જયારે છ કક્ષામાં ૩૧૮૪ પૈકી ૧૭૩૪ જ કક્ષાના ૨૩૬૪ પૈકી ૧૩૧૫ જ -૧ કેટેગરીના ૪૬૮ પૈકી ૩૦૦ જ-૨ ના ૧૬૧૨ પૈકી ૯૧૬ આવાસો ભયજનક જાહેર કરવામાં આવ્યા હતા.

અગાઉ આ મામલે સર્વે કરવામાં આવ્યો હતો જેના અંતે ભયજનક મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે અત્યાર સુધી આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી છે જેમાં નવી ટાવર કોલોની તૈયાર કરવામાં આવી રહી છે. સે- ૭ અને સે- ૨૯ સે-૬ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે હાલ પણ ખુલ્લી થયેલી જગ્યા અન્વયે નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે.

# જાહેરાતના પેમ્ફલેટ અને વૃક્ષોની ડાળીઓથી લપેટાયેલા લાઈટના પોલ્સ અજવાળુ આપતા નથી

**સેકટરોમાં આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઇટના થાંભલાને અવરોધરૂપ બનતી વૃક્ષોની ડાળીઓથી માર્ગો પર અંધારુ છવાયેલુ રહે છે : ત્વરિત અસરથી ટ્રીમીંગ કરવા સ્થાનિકોની માંગણી**



ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા વર્ષોથી જાહેરાતનુ માધ્યમ બની ગયા છે. પેમ્ફલેટસ અને બેનર્સ થી ઘેરાયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા ફરતે વૃક્ષોની ડાળીઓ પણ લપેટાયેલી રહેતા સેકટરોના આંતરિક માર્ગો પર પુરતુ અજવાળુ પથરાતુ નથી. આ સ્થિતિ વચ્ચે વરસાદી દિવસોમાં ઉબડ ખાબડ બનેલા માર્ગો પર રાત્રિના સમયે માર્ગ સલામતી જોખમાય છે. વનતંત્ર દ્વારા ત્વરિત અસરથી સેકટરોમાં ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં એકબાજુ વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. વિકાસના અનેક વિધ અયામો વચ્ચે શહેરમાં નવતર કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. જેના લીધે સ્માર્ટ બનતા ગાંધીનગરમાં નવા બિલ્ડીંગો અને રોડ નેટવર્ક સહીત અન્ય માળખાકીય સુવિધાઓ એપગ્રેડ કરવામાં આવી રહી છે. જો કે હરિયાળીની દ્રષ્ટીએ પણ હાંસિયામાં ધકેલાતા નગરમાં હરિયાળુ બનાવવા માટે પણ પ્રતિવર્ષ વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. પરંતુ શહેરમાં વૃક્ષોની જાળવણી અને ઉછેર માટે હજુ વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગ સહીતની કામગીરી બાકી છે. તો બીજીતરફ હાલ સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવતુ નથી જેના લીધે વરસાદી દિવસોમાં દુવિધાઓથી ઉભરતા નગરમાં વૃક્ષોના ટ્રીમીંગના અભાવે ઉદભવતી સમસ્યાઓ પણ સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બને છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ લાંબા સમયથી વૃક્ષોના આડે નડતરૂપ બનતી ડાળીઓના લીધે સ્થાનિક રહીશો પરેશાની ભોગવી રહ્યા છે. એકબાજુ સતત ખોદકામના લીધે આંતરિક માર્ગોની હાલત અત્યંત ઉબડ ખાબડ છે. જયારે વરસાદી દિવસોમાં રાત્રિના સમયે સેકટરોના આંતરિક માર્ગો પર પુરતુ અજવાળુ પથરાતુ નથી

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં સિઝનનો ૭૯.૮૩ ટકા વરસાદ : કચ્છમાં સૌથી વધુ

**સૌરાષ્ટ્રમાં ૧૦૯.૪૬ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૦.૫૦ ટકા કુલ વરસાદ**

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં બીપરજોય વાવાઝોડા બાદ ચોમાસાની જબરદસ્ત એન્ટ્રી થઈ હતી. વરસાદના ત્રણ રાઉન્ડમાં રાજ્યના નદી નાળા છલકાઈ ગયા હતાં અને જળાશયોમાં નવા નીર આવ્યા હતાં. ત્યારે કેટલાક દિવસથી શાંત થયેલા મેઘરાજા હવે ફરીવાર પધારવાની તૈયારીમાં છે.

રાજ્યમાં વરસાદના ત્રણ રાઉન્ડની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૭૯.૮૩ ટકા નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૩૫.૮૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૦૯.૪૬ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૦.૫૦ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૩.૪૭ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે.

રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૭૨.૨૬ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં ૨૫૧૧૮૪ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહ શક્તિના ૭૫.૧૯ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૧.૧૭ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૮.૯૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૨.૩૭ ટકા, કચ્છ ઝોનના ૨૦ જળાશયોમાં ૬૬.૨૩ ટકા તથા સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૮૩.૭૦ ટકા જળસંગ્રહ થયો છે.

રાજયમાં સાર્વત્રિક વરસાદના પરિણામે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયેલા ૬૫ જળાશયો તથા ૯૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ થયેલા ૨૭ જળાશયો મળી કુલ ૯૨ જળાશયો હાઈ એલર્ટ પર છે.

જયારે ૮૦ ટકાથી ૯૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૨૭ જળાશયો એલર્ટ પર અને ૭૦ ટકાથી ૮૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૯ જળાશયોને સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

# વાઈરલ બીમારીથી બચવા ગરમ પાણી વધારે પીવો અને પચવામાં હળવો ખોરાક લેવો

**શહેરના ડાએટીશિયન માનસી દેસાઈ ઉપાધ્યાયના મતે અત્યારે રોગચાળાના સમયમાં શહેરીજનોએ બહારનું ખાવા-પીવાનું ટાળવું જોઈએ**

ગાંધીનગર, તા. ૦૭

શહેરમાં અત્યારે ચોમાસાની ઋતુમાં વરસાદે પોરો ખાધો પછી વાઈરલ બીમારીઓએ જોર પકડ્યુ છે ત્યારે કોરોના મહામારીનો સામનો કરી ચૂકેલા નાગરિકો ચિંતિત બન્યા છે. આ સમયે શહેરના યુવા ડાએટીશિયન માનસી દેસાઈ ઉપાધ્યાયના મતે "હાલમાં ચાલી રહેલો રોગચાળો ડેન્ગ્યુ અને વાયરલ ફ્લૂ વધારે પ્રમાણમાં ફેલાઈ રહ્યો છે ત્યારે શહેરોજનોએ ગરમ પાણી વધારે પીવું જોઈએ તથા પાણીમાં આદુ , હળદર અને મીઠું નાખીને પીવાથી રોગપ્રતિકારક શક્તિ સારી રહે છે, પચવામાં હલકો રહે તેવો જ ખોરાક લેવો જોએ જેમાં ખીચડી, વેજિટેબલ સૂપ, ઉપમા, વેજ પુલાવ લઈ શકાય."

વધુમાં તેમણે જણાવ્યું હતું કે "ગાંધીનગરની વાત કરીએ તો અહીંયાની આબોહવા ઘણી અલગ છે, માટે અહીંયાના નાગરિકોએ વધારે મિનરલ અને રેસાવાળો ખોરાક લેવો જોઈએ. હાલમાં ચાલી રહેલો રોગચાળો ડેન્ગ્યુ અને વાયરલ ફ્લૂ વધારે પ્રમાણમાં ફેલાઈ રહ્યો છે ત્યારે ગરમ પાણી વધારે પીવું જોઈએ તથા પાણીમાં આદુ,

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

**કોમ્પ્યુટર ઓપરેટર માટે છોકરીઓ તથા માર્કેટીંગ માટે છોકરા જોઈએ છે.**

**મહાવીર કુરીયર**

મેઘમલ્હાર, બી/૧૭, બેઝમેન્ટ, વિજય પેટ્રોલ પંપ સામે, ગાંધીનગર

**મો. ૭૩૮૩૨૨૮૦૦૫**
**મો. ૯૭૨૭૦૬૦૦૦૬**

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

**ટચૂકડી જાહેર ખબર**

**દર રવિવારે**

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com